# સંગઠન ભાવનાનું નિર્માણ કરો, સફળતા હશે તમારા ચરણોમાં

- બ્રહ્માકુમાર પ્રફુલ્લચંદ્ર શાહ, નડીઆદ
મોબા. 09825892710

વિશ્વનો સફળ ઉદ્યોગપતિ હેન્રીફોર્ડ પોતાના જીવનની સફળતાનું શ્રેય સંગઠન ભાવના (Team Spirit) ને આપે છે અને કહે છે કે "ભેગા થવું એ સફળતા તરફ આગળ વધવાની શરૂઆત છે, ભેગા રહેવું એ વિકાસ છે, અને ભેગા થઈ કામ કરવું એ સફળતા છે." કોઈ પણ સંસ્થા, સંગઠન કે સંઘની ઉપલબ્ધિઓ તેના દરેક કર્મચારીના સંયુકત તેમજ સંગઠિત રૂપમાં કરેલા પ્રયાસનું પરિણામ છે. કોઈ એમ માને કે મારે લીધે સંસ્થા ચાલે છે તો તે એક ભ્રમણા છે. કોઈપણ સંસ્થામાં દરેક વ્યક્તિ સાંકળની કડી સમાન છે. સાંકળની એક કડી જો કમજોર હશે તો સાંકળ ક્યારે પણ તૂટી જશે.

**સંગઠન એટલે શું ?** સંગઠન એટલે સાથે મળીને કશુંક કરતા લોકો. દા.ત. ક્રિકેટ ટીમ, કન્સ્ટ્રકશન ટીમ, પરિવાર, ઉદ્યોગ, વગેરે.

**ટીમ સ્પીરીટ એટલે શું ?** એક સાર્વજનિક લક્ષ્ય સિદ્ધિ માટે બધાની એકજૂટ થઈ કામ કરવાની ભાવના એટલે ટીમ સ્પીરીટ.

**ટીમ વર્ક એટલે શું ?** દરેક વ્યક્તિના પ્રયાસ તેમજ પ્રાપ્તિને સંગઠનના ધ્યેય તરફ વાળવામાં આવે તે છે ટીમ વર્ક.

**ટીમ બિલ્ડીંગ એટલે શું ?** સંગઠીત રૂપમાં ભેગા થયેલા લોકોને તેમના લક્ષ્ય સુધી પહોંચાડવા માટે સક્ષમ બનાવવાની પ્રક્રિયા એટલે સંગઠન નિર્માણ – ટીમ બિલ્ડીંગ. સફળતાની પ્રાપ્તિ માટે સંગઠન ભાવનાનું નિર્માણ કરવું અત્યંત જરૂરી છે. આ અંગે આપણે ત્યાં ઘણું બધું કહેવાયું છે, સહયોગથી થશે સર્વોદય, એક અકેલા થક જાયેગા, મિલકર બોજ ઉઠાના, સાથી હાથ બઢાના, સંપ ત્યાં જંપ, અનેકતામાં એકતા.

**ટીમ બિલ્ડીંગ? માટેના સોનેરી સિદ્ધાંતો** :-

- અવાર-નવાર બધા સાથે મળો, લક્ષ્યને સેટ કરો, લક્ષ સિદ્ધી માટે સામુહિક પ્રયાસોનો એકશન પ્લાન તૈયાર કરો અને આગળ વધો.
- સંગઠનમાં બધાનું સશક્તિકરણ જ્ઞાન વર્ધન અને ઉત્તરોત્તર વિકાસ એ સંગઠનની કાર્યદક્ષતા તેમજ કાર્યક્ષમતામાં સતત વધારો કરશે અને વધુ સિદ્ધિ અપાવશે.
- સંગઠનમાં દરેક વ્યક્તિમાં, ભલે તે લીડર ન પણ હોય, લીડરના ગુણો હોવા સંગઠનની સફળતા માટે આવશ્યક છે. જે બધાને સાંભળે છે, બધામાં ઉમંગ ઉત્સાહ ભરે છે. સમર્પણની ભાવના રાખે છે, બીજાના કામની કદર કરે છે, બીજાનું સન્માન જાળવે છે અને લોકોની સદ્ ભાવના મેળવે છે, કોઈ પણ ઉપલ્બિને સંગઠનની ઉપલબ્ધિ માને છે તે જ સાચો લીડર છે.
- સંગઠનનો લીડર દિર્ઘ દૃષ્ટી વાળો હોવો જોઈએ. સકારાત્મક તેમજ રચનાત્મક નેતૃત્વ પુરું પાડી સંગઠનને મજબૂત કરી શકે એવો હોવો જોઈએ.

- બધાં સાથે સંપર્ક તેમજ સંચાર બનાવી રાખીને પરિસ્થિતિને સંભાળે અને કાર્યદક્ષ અસરકારક પ્રબંધન પુરું  પાડે,  અસરકારક કોમ્યુનિકેશન માટે સંગઠનના દરેક સદસ્યની કોમ્યુનિકેશન સ્કીલનો વિકાસ કરવા તાલિમ શિબિરોનું  આયોજન કરે અને આધુનિક કોમ્યુનિકેશન પધ્ધતિઓનો ઉપયોગ કરે.
- જે કામ કરે છે તેની જ ભૂલ થવાની સંભાવના છે એટલે ભૂલ થઈ જાય તો ગભરાશો નહીં, નિરાશ ન થશો, પરંતુ કરેલી ભૂલમાંથી શિખ લો.  તે ભૂલ ફરીથી ન થાય તેના માટે સતર્ક રહો, જો ભૂલ થઈ હોય તો સંગઠનની માફી માંગી લેશો તો તમારી વિશ્વસનિયતા  જળવાઈ રહેશે.
- સંગઠનની મજબૂતી તેમજ વિકાસ માટે દરેકે રચનાત્મક (Creative),  સક્રિયાત્મક (Proactive), તેમજ અભિનવ (Innovative) બનવાની જરૂર છે.
- સંગઠનના દરેક સદસ્યે એકબીજાને પ્રોત્સાહિત  કરતા રહેવું જોઈએ તેમજ સંગઠનની એકતા જાળવી રાખવી જોઈએ.
- દરેકના કામની કદર કરો.  કોઈ દ્વારા થયેલી ભૂલને ધ્યાન પર લાવવી હોય તો પ્રથમ તેની બે વિશેષતાઓની  કે કામની કદર કરો અને ત્યારબાદ તેની ભૂલ તરફ પ્રેમથી ધ્યાન દોરો. ભૂલ સુધારવા આપના સાથની બાંહેધરી આપી તેને ભૂલ સુધારવા પ્રોત્સાહિત કરો.  જો કોઈની ભૂલને ધ્યાન પર લાવવા માંગતા હો તો તરત જ ધ્યાન પર લાવો, મોડું કરશો નહીં (Delay is dangerous). ભૂલ બતાવતી વખતે સ્પષ્ટ અને ચોકકસ રહો. સાચી વ્યક્તિની લાગણી દુભાય નહિ તે રીતે  ભૂલને ધ્યાન પર લાવો,  ત્યાર બાદ શાંત રહો, કોઈ  પ્રતિક્રિયા ન આપો.
- તમારા કાર્ય પ્રતિ તેમજ સંગઠન પ્રતિ પ્રામાણિક તેમજ પ્રતિબધ્ધ (Commited) રહો. નિષ્ઠા અને  તિબધ્ધતા સંગઠન નિર્માણ માટે ખુબ જ જરૂરી છે.
- સંગઠનમાં એવી ભાવના ઉભી કરો, જેથી સંગઠનનો દરેક સદસ્ય એવું ઈચ્છે તેમજ એવો પ્રયાસ કરે કે આખી ટીમનો વિજય થાય. ટીમના વિજય માંજ મારો વિજય સમાયેલો છે. વ્યક્તિગત વિજયની લાલસા સંગઠન ભાવનાને તોડી નાંખશે.
- ટીમ જાળવી રાખવી હોય તો પી.એચ.ડી. (Pull Him Down) ની ભાવનાથી દુર રહો. કોઈના ટીયા ખેંચવાનો પ્રયાસ સંગઠનને  કમજોર કરી દેશે.  કોઈને પણ નીચા દેખાડવાના પ્રયાસથી દૂર રહો.
- સંગઠનની ભાવના અને એકતા સુસંવાદિતા (Harmony) નું સંગીત  છે, હંમેશા ખુશ રહો, સંતુષ્ટ રહો અને હંસતા રહો.

000